# જય રણછોડ... માખણચોર...ના જયઘોષથી ગાંધીનગરનું ગગન ગાજી ઉઠ્યું

- ગાંધીનગરમાં ૩૪મી પરંપરાગત રથયાત્રા સવારે તેના નિયત સમયે દિવ્ય વાતાવરણમાં પંચદેવ મંદિરેથી સમયસર પ્રસ્થાન કર્યુ હતું.



- સેક્ટર-૨૨માં મુખ્ય શોપીંગ સેન્ટરના વેપારીઓએ રથની પૂજા-અર્ચના કરી સ્વાગત કર્યુ હતુ.
- સેક્ટર-૧૭માં શોપીંગ સેન્ટરના વેપારી આગેવાનોએ રથયાત્રાને આવકારી હતી.



- સે. ૧૭માં હનુમાનજી મંદિરના પુજારીએ રથયાત્રાનું સ્વાગત કરી પૂજા-અર્ચના કરી હતી.
- સેક્ટર-૧૬માં પ્રવેશતા નાગરીક બેંક પાસે પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ સહિત અગ્રણીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સે. ૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતે એડવોકેટ અશ્વિન ત્રિવેદી



તથા બ્રહ્મ અગ્રણીઓએ રથયાત્રાને વધાવી હતી.

- સે. ૧૬માં રથયાત્રાને કેબલો નડતા તેને ઊંચા કરી રથયાત્રા પસાર કરાઈ હતી.
- સે. ૧૬માં વિદ્યા લાયબ્રેરી પાસે હેપ્પી યુથ ક્લબ દ્વારા ગાંઠીયાના નાસ્તાનું વિતરણ કરાયુ હતુ તેમજ રથયાત્રા પસાર થયા બાદ તે વિસ્તારની સફાઈ કરવામાં આવી હતી.
- સેક્ટર-૧૫ ફતેપુરામાં ચંદુજી ઠાકોર સહિત ગ્રામજનોએ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતુ.
- સેક્ટર-૧૨ પાસે નગરસેવક નાઝાભાઈ ધાંધરે રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સે. ૧૨/૧૩ની ચોકડી પાસે સાઈનાથ સેવા સમિતિ દ્વારા શરબતનું વિતરણ કરાયું હતું.
- સે. ૬ ચંદ્રમૌલેશ્વર મહાદેવ ટ્રસ્ટ દ્વારા સ્વાગત કરાયું હતું જેમાં ૬૭ કિલો મગની પ્રસાદી વહેંચવામાં આવી હતી.
- સે. ૬માં વેપારીઓએ ડીજે સાઉન્ડ સાથે રથયાત્રાનું સ્વાગત કરતા ભાવિકોને નાચવાની મજા પડી હતી.
- લાયન્સ ક્લબ દ્વારા પર્યાવરણ સંવર્ધન તથા તેમના સેવાકીય કાર્યોની ઝલક દર્શાવતા ટેબ્લો રથયાત્રામાં જોડવામાં આવ્યો હતો.
- સે. ૬માં સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે

---

રથયાત્રાનું સ્વાગત કર્યુ હતું.

- સે. ૬/૩ની ચોકડએ છાશ અને ઠંડા પીણાનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- રથયાત્રામાં ચાર ડીજે અને એક બેન્ડ જોડાયુ હતુ.
- ઘ-૨ સર્કલે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, અગ્રણી નિશિત વ્યાસ, કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા સહિત કોંગ્રેસી અગ્રણીઓએ સ્વાગત કર્યું હતું.
- સે. ૨/૭ની ચોકડીએ સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન મનુભાઈ પટેલ, કોર્પોરેટર્સ નરેશભાઈ

## રથયાત્રાની સાથે સાથે...



તથા પ્રવિણાબેન વોરા તેમજ વસાહત મંડળ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયુ હતુ.

બાદ પછી પણ અમીછાંટણા થવા પામ્યાં હતા.

- જલારામધામના પ્રમુખ જિતેન્દ્ર સેજાણી તથા હોદ્દેદારોએ જગન્નાથ ભગવાનની આરતી ઉતારી રથયાત્રાનું સામૈયુ કર્યુ હતુ.
- જલારામધામ મોસાળમાં ૯ હજાર ભક્તોએ ભોજન-પ્રસાદ ગ્રહણ કર્યો.
- મેયર પ્રવિણભાઈ પટેલ તથા ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવે, દક્ષિણ બેઠકના ધારાસભ્ય શંભુજી ઠાકોર સહિત પ્રવાસન વિભાગના સચિવ એચ.જે. હૈદરે રથયાત્રાનું સ્વાગત કર્યુ હતુ.
- સે. ૨૮ બાલોદ્યાન પાસે મુસ્લિમ બિરાદરોએ રથયાત્રાનું સ્વાગત કરી કોમી એખલાસનો સંદેશ પાઠવ્યો હતો.

### મોસાળમાં ૯૦૦૦ ભક્તોને ભોજન-પ્રસાદ પીરસાયો

ભગવાન જગન્નાથના મોસાળ જલારામ મંદિર સેકટર-૨૯ ખાતે ૯૦૦૦ થી વધુ ભકતોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.ભોજન પ્રસાદ વ્યવસ્થામાં ૨૦૦ થી વધુ સ્વયંસેવકો હાજર રહ્યા હતા. મોસાળમાં ભકતોને શુધ્ધ ઘીનો મોહનથાળ, ગરમાગરમ ખીચડી અને બટાકાનું શાક તેમજ ૨૦૦૦ લીટર ઠંડી છાશ અને મીનરલ વોટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે ૧૧ થી ૩ કલાક સુધી ભકતોને પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. રથાયાત્રા મોસાળમાં આવી પહોંચતા જ જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રભાઈ સેજાણી તથા હોદેદારોએ આરતી ઉતારી રથનું સ્વાગત કર્યું હતું. જલારામ મંદિર ખાતે બપોરે હજ્જારો ભકતો એકત્ર થતા મોસાળમાં અનેરો માહોલ જોવા મળ્યો હતો.

### જલારામ ધામે ઘોડાઓએ સંગીતના તાલે ડાન્સ કરી આકર્ષણ જમાવ્યું

ભગવાન જગન્નાથના મોસાળમાં ડી.જે.ના તાલે વિવિધ ઘોડાઓ ડાન્સ કરતા જોવા મળ્યા હતા. ઘોડે સવારો પોતાના અશ્વને અવનવા સોંગ પર ડાન્સ કરાવતા હોવાથી ભકતોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

- સે. ૭માં પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, વેપારીઓ વસાહતીઓ સાથે રથયાત્રાનું સ્વાગત કર્યુ હતુ.
- સે. ૭માં વેપારી મંડળ દ્વારા છાશ અને પાણીનું વિતરણ કરાયુ હતુ.
- સે. ૮માં કલ્ચરલ ફોરમના અધ્યક્ષ તથા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જ્હાએ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતુ.
- સે. ૮માં વેપારી મંડળે પણ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતુ.
- સે. ૮માં સાયન્ટિસ્ટસના નૃત્ય રમેશિમ ઈન્ટરનેસનલ ફાઉન્ડેશને છાશના વિતરણ દ્વારા રથયાત્રાને વધાવી હતી.
- પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી પાસે ધોળાકુવાના વણઝારા પરિવાર દ્વારા આઈસક્રીમ વિતરણ.
- સે. ૧૯માં શોપીંગ સેન્ટરના વેપારીઓ દ્વારા સ્વાગત.
- રથયાત્રામાં અમદાવાદના ગોગા અખાડાના અખાડિયનોએ કરતબ દેખાડી નગરજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.
- સે. ૨૦માં વેપારીઓ દ્વારા સ્વાગત કરાયુ હતુ.
- અક્ષરધામ પાસે વેપારીઓએ ઠંડા પાણીની બોટલનું વિતરણ કર્યુ હતુ.
- ધોળાકુવાના ટાઈગર ગૃપ દ્વારા ઠંડા મિનરલ પાણીનું વિતરણ કરાયુ હતુ.
- લાયન્સ ક્લબ દ્વારા ૨ હજાર રોપાઓનું વિતરણ કરાયું હતું.
- સે. ૩૦માં વેપારીઓ તથા વસાહતીઓ દ્વારા છાશ વિતરણ.
- સે. ૨૯માં જલારામ મંદિર પહોંચીને પહેલા અને ત્યાંથી નિકળ્યા

- એકતા મિત્ર મંડળ દ્વારા છાશ, પાણી અને આઈસ્ક્રીમનું વિતરણ કરાયું.
- આ સ્થળે કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા ભાજપના અગ્રણી પૂનમ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.
- સે. ૨૮ શોપીંગ પાસે વેપારીઓ દ્વારા રથયાત્રાનું સ્વાગત તથા ભક્તોને પાણી વિતરણ કરાયું.
- વરિયા પ્રજાપતિ સમાજવાડી ખાતે છાશનું વિતરણ કરાયું.
- સે. ૨૭ સોમેશ્વર મહાદેવ મંદિર ખાતે એસઆરપી બેન્ડની સુરાવલી સાથે આરતી ઉતારી જવાનોએ છાશનું વિતરણ કર્યુ હતુ.
- ડીએસપી કચેરી ખાતે રથયાત્રાનું સ્વાગત કરાયુ હતુ.
- સે. ૨૭માં વસાહતીઓ તથા વેપારીઓ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયુ હતુ.



- સે. ૨૭માં શિવશક્તિ સોસાયટી ખાતે છાશનું વિતરણ કરાયુ

---

હતુ.

- બાલ મુકુન્દ સેવા સમિતિ દ્વારા ચા-પાણી, બિસ્કીટનું વિતરણ કરાયું.



- ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કેપિટલ દ્વારા શરબતનું વિતરણ કરાયું.
- સે. ૨૪/૨૫ માર્ગ પર સે. ૨૫ના વસાહતીઓ દ્વારા બિસ્કીટનું વિતણ કરાયું હતું.
- સે. ૨૪માં પ્રવેશતા જલધારા ડ્રિન્કિંગ વૉટર દ્વારા ૫૦૦ લીટર



ઠંડા મીનરલનું વિતરણ કરાયું.

- શ્રીનગર એકતા સમિતિ દ્વારા ૧૦૦ કિલો બુંદી-સેવનું વિતરણ કરાયું.
- સે. ૨૪માં અંબિકા જ્વેલર્સ દ્વારા લીંબુ શરબતનું વિતરણ કરાયું.



- ઈન્દિરાનગર મિત્રમંડળ દ્વારા મહાપ્રસાદનું વિતરણ કરાયું.
- રામદેવ પરબની ઝુંડપી પાસે સાર્વજનિક મિત્રમંડળ દ્વારા બટાકાની સુકી ભાજીનું વિતરણ કરાયુ.
- સે. ૨૩માં કોર્પોરેટર નીલાબેન શુક્લ તથા વેપારી અગ્રણીઓ દ્વારા છાશનું વિતરણ કરાયું.
- સે. ૨૩માં કડી કેમ્પસની હોસ્ટેલની બાળાઓએ મોટી સંખ્યામાં રથયાત્રાના દર્શન કર્યા હતા.
- સે. ૨૨માં વસાહતીઓ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયુ હતુ.
- પોલીસતંત્ર દ્વારા સમગ્ર રથયાત્રા રૂટમાં ખડેપગે સાબદા રહી સુરક્ષા પુરી પડાઈ હતી.
- મનપા દ્વારા સાફ સફાઈ માટે રથયાત્રાની પાછળ ડોર ટુ ડોર કલેક્શન વાન રાખવામાં આવી હતી અને સફાઈ કરવામાં આવી હતી.
- રથયાત્રા સાથે ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ સાથે મેડિકલ ટીમ ખડેપગે તૈનાત રહી હતી.
- રથયાત્રામાં વિવિધ કાર્ટુન કેરેક્ટર બનેલા યુવાનો સાથે બાળકોએ 'સેલ્ફી' લેવા પડાપડી કરી હતી.
- ક્ષત્રિય યુવાનોએ રથયાત્રામાં તલવારબાજીના કરતબ દેખાડી દર્શનાર્થીઓને દંગ કર્યા હતા.







જલારામ ધામ ખાતે રથયાત્રા પહોંચી ત્યારે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન એસ. જે. હૈદર, યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ કિરીટભાઈ અધ્વર્યુ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, જલારામ સેવા સમાજના પ્રમુખ જિતેન્દ્ર સેલાણી અને ટ્રસ્ટીઓ ઉમળકાભેર યાત્રાનું સ્વાગત કર્યું હતું અને ભગવાનની આરતી ઉતારી હતી. વિરામ સમયે સૌભાવિકોને પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. જલારામ સેવા સમાજના સૌ પદાધિકારીઓ અને કાર્યકરો ભાવિકોને મોહનથાળ, ખીચડી અને બટાકાનું શાક તેમજ છાશ પીરસ્યું હતું. ભાવિકો ઉપરાંત મહેમાનોએ પણ ભગવાનનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. છેલ્લા ચાર દિવસથી જલારામ સેવા સમાજ ખાતે પ્રસાદની તૈયારી ભાવપૂર્વક ચાલી રહી હતી. પૂજ્ય ફૂલશંકર શાસ્ત્રીએ જલારામ સમાજના ટ્રસ્ટીઓને પરંપરા જાળવી ભાવિકોને પ્રસાદ પીરસવા બદલ તથા યાત્રાના ભવ્ય સ્વાગત માટે આશીર્વાદ પાઠવ્યા હતા.